# યુનિવર્સિટીના પ્રો ચાન્સેલર પ્રો. ડૉ. મહેન્દ્ર શર્માએ રૂબરૂ મળી ચેક મુખ્યમંત્રીને સમર્પિત કર્યો



ગાંધીનગર, તા. ૧૦

લગભગ એક હજાર જેટલાં કર્મચારીઓના બનેલા 'ગણપત યુનિવર્સિટી પરિવાર' વતી રૂપિયા ૧૬ લાખનો ચેક ગઈકાલે મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાહેબને અર્પણ કરવામાં આવ્યો હતો.

ગણપત યુનિવર્સિટીના નાનામાં નાના કાર્યકરથી માંડીને છેક વાઈસ ચાન્સેલર સુધીના સમગ્ર પરિવારે પોતાના એક દિવસના પગાર દ્વારા એકત્રિત કરેલી ધનરાશિના રૂપિયા ૧૬ લાખનો ચેક ગઈકાલે યુનિવર્સિટીના પ્રો ચાન્સેલર પ્રો. ડૉ. શ્રી મહેન્દ્ર શર્માએ જયારે મુખ્યમંત્રીશ્રીની રૂબરૂ મુલાકાત લઈ અર્પણ કર્યો ત્યારે એમની સાથે યુનિવર્સિટીના પ્રો વાઈસ ચાન્સેલર અને એક્ઝીક્યુટિવ રજિસ્ટ્રાર ડૉ. અમિત પટેલ અને યુનિવર્સિટીના સ્ટાર્ટઅપ અને ઈન્ક્યુબેશન યુનિટના ડીન ડૉ. સૌરભ દવે પણ જોડાયા હતા.

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ગણપત યુનિવર્સિટીના આ સહયોગની સરાહના કરતા જણાવ્યું હતું કે કોરોના વાઈરસ સામેની લડતના આ કપરા સમયમાં રાજ્યની પડખે ઊભા રહેવા માટે અમે ગણપત યુનિવર્સિટીના આભારી છીએ. એમણે વધુમાં કહ્યું કે સામાજિક જવાબદારી માટેની યુનિવર્સિટીની પ્રતિબદ્ધતા આ અનુદાન દ્વારા બહુ યોગ્ય રીતે સિદ્ધ થાય છે. કોરોના વાઈરસ સામે મજબૂત લડત આપવા યુનિવર્સિટીએ લીધેલાં વર્ચ્યુઅલ કલાસરૂમ, સેનિટાઈઝેશન અને કમ્પ્લિટ લોકડાઉન જેવા અન્ય અનેકવિધ પગલાંની પણ મુખ્યમંત્રીએ કદર કરી હતી.

# ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓના ઘેરબેઠા અભ્યાસ માટે ઓનલાઈન વર્ગો શરૂ




ગાંધીનગર, તા. ૧૦

હાલમાં કોવિડ-૧૯ ફેલાયેલ હોવાથી વિદ્યાર્થીઓના અભ્યાસમાં વિક્ષેપ પડેલ, તેમનો અભ્યાસ ન બગડે તે હેતુથી હાલમાં અમારી શાળા ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ, ઘ-૦, (અંગ્રેજી માધ્યમ) ગાંધીનગર દ્વારા ધોરણ - ૧૨ના વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મ પરીક્ષાઓ જેવી કે GUJCET, JEE, NEET ની તૈયારી માટે ઓનલાઈન વર્ગો શરૂ કરવામાં આવેલ છે. જેથી વિદ્યાર્થીઓ ઘેરબેઠા અભ્યાસ કરી શકે.

ઉપરોક્ત ઓનલાઈન વર્ગોમાં દરેક વિષયના શિક્ષકો શાળામાં ચાલતા સમયપત્રક પ્રમાણે ઘરેથી જ ઓનલાઈન -લાઈવ વર્ગો ચલાવે છે અને ત્યારબાદ વિદ્યાર્થીઓને પ્રશ્નોત્તરી સ્વરૂપે હોમવર્ક આપે છે. જેનું બીજા દિવસે સોલ્યુશન મળે છે. આમ નિયમિત શાળા ચાલતી હોય તે રીતે વિદ્યાર્થીઓ સવારે ૮-૦૦ વાગ્યાથી ૧-૦૦ વાગ્યા સુધી અભ્યાસ કરે છે. શાળાના શિક્ષકોની ઉત્સાહપૂર્વકની આ પ્રવૃત્તિને દરેક વિદ્યાર્થીઓ, વાલીઓએ આવકારી છે. તેમજ શાળાના ટ્રસ્ટી ડૉ. પ્રદિપ ગગલાણી તથા ડાયરેકટર શૈલેષભાઈ પંડ્યાએ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને વર્તમાન પરિસ્થિતિ સામે ટક્કર લઈ અને અભ્યાસ પ્રવૃત્તિમાં કોઈ બ્રેક ન પડે તે માટે પ્રોત્સાહિત કર્યા હતા.

## જન્મદિને વધામણી



અશોકકુમાર જયંતિલાલ ત્રિવેદી



શ્રદ્ધા એન પટેલ (આશાપુરા ગૃપ) મો. ૯૬૨૪૧ ૨૯૨૪૧



ઉષા તટુ લાયોનેસ કલબ



નિસર્ગ વાય શુક્લ વેબ ડેવલપર મો. ૮૦૦૦૦ ૪૧૮૦૭



પરમહંસ સ્વામી સ્વામીનારાયણ ગુરુકુલ સે-૨૩ મો. ૮૧૫૫૯ ૮૩૮૧૦



જયદીપભાઈ સુખડીયા



રોહિત પાલ



મંથન સંજયકુમાર ત્રિવેદી મો. ૮૪૮૭૦ ૮૯૩૨૭



નવ્યા મુકેશકુમાર પટેલ



માલવિક મુકેશકુમાર પટેલ

# ચિલોડા પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા ૨૧ નિરાધાર વિધવા માતાઓને અનાજની કીટનું વિતરણ

ચિલોડા, તા. ૧૦

કોરોના વાઈરસ - કોવિદ-૧૯ વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે ત્યારે તેનો પડકાર કરવા માટે અને લડવા માટે વહીવટીતંત્ર અને પ્રજાતંત્ર કમરકસી રહ્યું છે. જનતા કફર્યુ, લોકડાઉન, દિપોત્સવ, સેવાભાવી સંસ્થા દ્વારા રાહતકાર્યો, કીટ વિતરણ, સેનેટાઈઝેશન, હોમિયોપથી દવાનું વિતરણ, રાશન વિતરણ, ભોજનની વ્યવસ્થા, માસ્ક વિતરણ જેવા અનેક પગલાં લેવાઈ રહ્યાં છે. ત્યારે ચિલોડા પ્રા.શાળાના શિક્ષકો દ્વારા શાળામાં ભણતાં વિદ્યાર્થીઓની વિધવા નિરાધાર માતાઓ ૨૧



લાભાર્થીઓનો શિક્ષકોએ પોતાનો ફંડફાળો આપી ૨૧ કિટ બનાવી બહેનો પહોંચાવામાં આવી હતી.

શાળાના શિક્ષકો સંજયભાઈ પટેલ, આચાર્ય હર્ષદભાઈ પટેલ તથા એન.એમ.સી.ના શિક્ષણવિદ નટુભાઈ પટેલ આ ઉમદા કાર્યમાં સહભાગી બન્યા હતા.



**સેવાના સાચા ભેખધારી આંગણવાડીની બહેનોને સલામ**

કોરોનાની મહામારી છે લોક ડઉન છે લોકોની સુરક્ષાને ધ્યાનમાં રાખી વહીવટી તંત્રની સાથે કોઈ પણ જાતનો વિચાર કયા વગર આંગણવાડીની બહેનો બફર ઝોન જઈ સર્વેની કામગીરી કરે છે આવા લોકોને સમાજ સોસાયટી એ સહકાર અને અંભિનંદન આપવા જોઈએ...

## ડિજિટલ પ્લેટફોર્મ આપવા માટે ઓનલાઈન શિક્ષણ પણ સોશિયલ મિડિયા થકી

ગાંધીનગર, તા. ૧૦

હાલની પરિસ્થિતીને ધ્યાનમાં લેતાં લોકડાઉનનો સમય વધારવો જોઈએ. હા, કદાચ ભારતને આર્થિક સમસ્યાની અસરનો સામનો કરવો પડે પરંતુ સ્વાસ્થ્ય આ દરેક કરતાં વધુ મહત્વનું છે. લોકોના ધંધા-રોજગાર પર માઠી અસર પડી રહી છે. અમારા મનોરંજનના વિભાગમાં બાળકોમાં સુષુપ્ત શક્તિ જળવાઈ રહે તે માટે ભારતીય ડાન્સ એન્ડ મ્યુઝીક એસો. ના જનરલ સેકે. તરીકે મે ઓનલાઈન ડાન્સ માટેના ક્લાસ શરૂ કરેલ છે. તેમજ શિક્ષણ પણ ખોરવાઈ ન જાય તે મારા મોટાભાઈ શ્રી ઉર્વીશકુમાર પંડ્યાની સાથે મળીને વિદ્યાર્થીઓને ડીજિટલ પ્લેટફોર્મ આપવા માટે ઓનલાઈન શિક્ષણ પણ સોશિયલ મિડિયા થકી શરૂ કરેલ છે. પરંતુ હું એટલું જ કહીશ આ સમયમાં ભારત સરકાર જે તે પગલાં લે તે દરેકના હિત માટે છે. દરેકે ગરમ પાણીનુ સેવાન કરવું, બહાર જવાનું ટાળવુ ઘરે રહો સ્વસ્થ રહો.




# કોરોનાના વધુ પોઝિટિવ કેસ બહાર આવતાં ઉકેલની દિશા ઝડપથી પકડાઈ

## આગામી સમયને કેવી રીતે જોવો-સમજવો અને ગાળવો તેની કેટલીક સાદી ટિપ્સ....

(૧) આજે, નવમી એપ્રિલ, ૨૦૨૦ના રોજ અમદાવાદ શહેરમાં ૫૦ કેસ પોઝિટિવ બહાર આવ્યા છે. આવવાના જ હતા કારણ કે હવે જ આપણે ટેસ્ટ કરવાના ચાલુ કર્યા છે. સતત કામ કરતા અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર સાહેબ વિજય નહેરાએ સાવ સાચું જ કહ્યું કે આપણે ૫૦ પોઝિટિવ કેસ શોધીને ૫૦૦ વ્યક્તિનાં મૃત્યુને ટાળી શક્યા છીએ. એટલું યાદ રાખીએ કે જેટલા વધારે પોઝિટિવ કેસ શોધાશે તેટલી લોકોની સલામતી વધશે અને આપણે કોરોનાના કેરમાંથી ઝડપથી બહાર આવીશું. કોરાના એટલું અપલક્ષણું વાયરસ છે કે તેનાં લક્ષણ ના હોય તો પણ વ્યક્તિ આ રોગનો દરદી હોઈ શકે છે. આ જોખમી બાબત છે એટલે વધારેમાં વધારે ટેસ્ટ કરવા એ જ સાચો વિકલ્પ છે. આમ તો દેશ અને રાજ્યના એકે એક વ્યક્તિનો ટેસ્ટ થવો જોઈએ પણ એ શક્ય નથી. એટલે સંક્રમિત વ્યક્તિના સંપર્કમાં આવેલા અને આ રોગનાં લક્ષણો ધરાવતા લોકોના ટેસ્ટ પ્રાથમિકતાથી કરવા જોઈએ. જે હવે શરૂ થયા છે.

(૨) પોઝિટિવ કેસની સંખ્યા ગમે તેટલી વધે. કોઈએ સહેજે વિચલિત થવું નહીં, બલકે રાહત અનુભવવી. કોઈ ગૂમડું થયું હોય તો તેનું બધુ જ પરુ બહાર કાઢવું પડે. નિદાન એટલે નિદાન. રોગ છે તો છે. તેને શોધીશું તો તેનો ઉકેલ આવશે ને.. જો પોઝિટિવ કેસ ના શોધીએ તો એક વર્ષેય પાર ના આવે. એક જણ બીજાને બીજો પાંચસોને એ વળી હજારો-લાખોને ચેપ આપતો રહે અને આપણે તેની ચેઈન તોડી ના શકીએ. માટે કોઈ પણ સ્થિતિમાં સ્વસ્થ જ રહીએ. હજારોની સંખ્યા થાય તો પણ ચિંતા ના કરીએ. સંખ્યા નહીં, તેને અટકાવવાનું મહત્ત્વ છે.

(૩) આજે એક એવા સમાચાર વાંચ્યાં કે કોઈ ભારત અનેક દાયકાઓ પાછળ જતું રહેશે. જીડીપી એક કે ટકા થઈ જશે. મહામંદી આવી જશે. અર્થતંત્રને ધ્યાનમાં રાખીને આવા અહેવાલો સતત આવ્યા જ કરે છે. બધુ અનુમાનો પર આધારિત હોય છે. વિશ્વની અનેક સંસ્થાઓ પોતપોતાની રીતે અનુમાનો બાંધીને તારણો આપ્યા કરે છે. ખરેખર તો આ સમય અર્થતંત્રનો સહેજ પણ વિચાર કરવાનો નથી. આ સમય માત્ર માણસની જિંદગીનો જ વિચાર કરવાનો છે. અર્થતંત્રનું જે થવું હશે તે થશે. હા, પાણી પહેલાં પાળ બાંધીને જે અત્યંત જરૂરી હોય તેવી વાતોનો ચોક્કસ વિચાર કરવો જોઈએ, પણ જેને વિચાર કરવાનો છે તેઓ વિચાર કરી જ રહ્યા છે. અર્થતંત્રના નકારાત્મક અહેવાલો, સર્વેક્ષણોથી અત્યારે બચવાની આવશ્યકતા છે. ઉપરછલ્લા, કસમયના, અધૂરા અને અપ્રસ્તુત આવા અહેવાલો રજૂ કરવાથી મીડિયાએ પણ બચવું જોઈએ. તેની લોકો પર નકારાત્મક અસર પડી શકે. ઘરમાં પૂરાઈ રહેલા લોકોની માનસિકતાની હવે કસોટી થવાની છે ત્યારે તો ખાસ નેગેટિવ કન્ટેન્ટ રજૂ ના જ કરવું જોઈએ. આનો વિવેક દરેકે સમજવો જોઈએ. વાચકો અને પ્રેક્ષકોએ તેના પર ધ્યાન જ ના આપવું જોઈએ.

(૪) જો માણસને, તેની શક્તિઓને, તેની શક્યતાઓને, તેના ખમીર અને ખુમારીને જાણતા હોવ તો તમે મહેરબાની કરીને સહેજે ચિંતા ના કરો. માણસની જીજીવિષા પ્રબળ હોય છે. તેણે આવી અનેક આપત્તિઓનો સામનો કરીને જાતને ટકાવી છે અને ઝડપથી




તેમાંથી એ પાર પડ્યો છે. ઈતિહાસ ઉપર નજર કરો.. માણસ કોરોનાના દાદા કે વડ દાદાનેય ગાંઠે એવો નથી. આપત્તિ કે મહામારીમાંથી બહાર આવડતાં એને આવડે છે. (ભલેને પછી તેના માટે દિવસો સુધી ઘરમાં પૂરાઈ રહેવું પડે.) અસ્તિત્વને ટકાવી રાખવા માટે શું કરવું એ માણસજાતને લાખો વર્ષના અનુભવ પરથી આવડી ગયું છે. કોરોના વાયરસની આસૂરી શકિત સામે માણસજાતની આંતરિક શક્તિ છેવટે જીતવાની છે. સમયને થોડી તક આપો. આખું વિશ્વ આ મહામારીમાંથી બહાર આવશે.. નવી સવાર પડશે.. પંખીઓ ગીત ગાશે. ઉગમણી કોરના વાયરા વાશે, લોકોનાં હૃદય પુલકિત થશે, હોઠ પર નવાં ગીત ફૂટશે...

(૫) અર્થતંત્ર કરતાં માણસના જીવનનું વધુ મહત્ત્વ છે એ યાદ રાખીએ. અર્થતંત્ર તો બેઠું કરી શકાશે, પણ મરેલા માણસને બેઠો નહીં કરી શકાય. આધુનિક માણસ સમાજ કરતાં બજારનો માણસ વધુ થઈ ગયો છે તેથી આપણે અર્થતંત્રની વધારે ચિંતા કરીએ છીએ. વ્યાજબી ચિંતા ઉચિત છે, પણ બીપીને હાઈ કરે નાખે કે ડિપ્રેશનમાં આવી જવાય તેટલી ચિંતા ના કરો. અનેક યુદ્ધો, આપત્તિઓ, મહામારીઓ, ભૂકંપો, યુદ્ધો, સુનામીઓ, પૂર..પછી પણ અર્થતંત્ર ગોઠવાયાં જ છે. ૨૦૦૧માં કચ્છમાં ભૂકંપ આવ્યો ત્યારે બધા કહેતા કે કચ્છ કદી બેઠું જ નહીં થઈ શકે, એના બદલે મહિનાઓમાં તો એ દોડતું થઈ ગયું. મોરબી તણાઈ ગયું તો બધા કહેતા હતા કે હવે મોરબી ઈતિહાસ બની જશે. એના બદલે મોરબીએ એવી મહેનત કરી કે સમયના કાંટા ઝડપથી દોડ્યા. મોરબી દોડ્યું અને સ્તબ્ધ થઈ ગયેલો સમય ઊભો રહી ગયો...આવાં સમગ્ર વિશ્વનાં સેંકડો ઉદાહરણો છે. માટે સહેજે ચિંતા કરવાની જરૂર નથી. ખરેખર તો અર્થતંત્રને આપણે માથા પર ચડાવીને બેઠા છીએ, તેને નીચે ઉતારવાની જરૂર છે.

(૬) ઘણા કહે છે લોકડાઉન પછી લૂંટફાટ થશે, ભૂખમરો આવશે, ગામડાં હેરાન થશે, શ્રમિકો તકલીફમાં આવશે. ગુન્હાઓ વધશે... આવી સાવ જ વાહિયાત, નકામી અને અપ્રસ્તુત વાતો સાંભળશો જ નહીં. આવું કશું જ થવાનું નથી. ૧૩૦ કરોડ લોકો ૧૦-૧૫ વર્ષ ખાઈ શકે તેટલું છે આપણી કને. લોકડાઉનમાં ગુન્હા ઘટ્યા છે, વિવિધ કારણોથી થતાં અકુદરતી મોત અટક્યાં છે, પર્યાવરણ સુધર્યું છે તેનો રાજીપો માણોને મારા બાપ.. આંખોમાં ઝેર ભરીને શું બેઠા છો. સારા અને ભલા વિચાર કરોને. લખી રાખજો, ભારત દેશમાં આવું કશું થવાનું નથી. આ દેશને જો લોકો ઓળખે છે એમને ખબર હશે કે ભારતના જણજણમાં માનવતા ભરેલી છે. જે દેશમાં પહેલી રોટલી ગાયની અને છેલ્લી રોટલી કૂતરાની થતી હોય એ દેશ ભૂખે મરે નહીં કે કોઈને મરવા પણ ના દે મારા સાહેબ. બીજાને ખવડાવીને ઓડકાર લેનારા લોકોનો આ દેશ છે. આ દેશ વ્રત અને સદાવ્રતનો છે જેમાં બીજાનો પહેલો વિચાર કરાય છે અને બીજા કોઈ માટે ભૂખ્યા રહેવાય છે. હા, કોરોના પછી લૂંટફાટ થશે પણ એ પ્રેમની હશે અને અસંવેદનશીલતાને ભૂખે મરવું પડશે. ગરીબો અને શ્રમિકો માટેનો સમાજના દૃષ્ટિકોણ બદલાશે.

(૭) છેલ્લે, વાચકમિત્રોને એટલું જ કહીશ કે સારપમાંથી સહેજે શ્રદ્ધા ગુમાવશો નહીં. ૧૩૦ કરોડનો દેશ છે એટલે પોઝિટિવ કેસોની સંખ્યા વધવાની જ. એ સ્વાભાવિક છે. તેના માટે કોઈને દોષ ના દેશો. જે થવાનું હોય તે થાય જ છે. એ નિયતિ છે. આપણે આ મોટી આપત્તિમાંથી ઓછામાં ઓછા નુકશાન સાથે બહાર આવી જ જવાના છીએ. મનમાં રોજ પોઝિટિવ સ્પંદનો ઊભાં કરો કે કોરોના પોઝિટિવ ઓછામાં ઓછા થાય. મનની, સંકલ્પની, રચનાત્મક ઉર્જાની મોટી તાકાત હોય છે. સતત એવું રટણ કરીએ કે આપણે આમાંથી બચી જઈએ.

(૮) ભારતમાં લોકડાઉન જો જૂનના અંત સુધી રહે તો ઉત્તમ. બસ, લોકોએ ધીરજ રાખવાની છે. એક પણ પૈસાનો ખર્ચ કર્યા વિના માત્ર ઘરમાં રહેવાનું છે. આ સોદો કંઈ ખાસ મોંઘો નથી. જીવનનો સોદો માત્ર એકલા ઘરમાં રહેવા સાથે થતો હોય તો વેપારી પ્રજા ના હોય તો પણ તે તરત સ્વીકારી લે તો ગુજરાતી પ્રજા તો વેપારી પ્રજા છે. ઓનલાઈન ટેકનોલોજીનો પ્રયોગ અને ઉપયોગ કરીને આપણે જૂન મહિના સુધી, એટલે કે વધુ ૧૧૨ દિવસ ઘરમાં તૈયારી રાખવી જોઈએ. આપણે સામેથી સરકારને કહીએ કે અમને ઘરમાં રહેવા સામે કોઈ વાંધો નથી.

(૯) દરેકને ઉજળો, આશાવાદી, નિરામય અને આનંદથી છલકતો આગામી સમય મુબારક.

ખાસ નોંધ: ઘરમાં રહીએ, પ્રેમથી રહીએ, પોતપોતાનું કામ કરીને રહીએ, શરીરશ્રમ કરીને રહીએ, હળ્યામળ્યા વગર રહીએ, આનંદથી રહીએ, અને.... સલામત અંતર સાથે સલામત રહીએ.